**સેવા - એ.એમ.એ. સેન્ટર ફોર મેનેજમેન્ટ ઓફ સીબીઓઝ**

# Management Development Programmes

**વર્કશોપ-૧:**

**અસરકારક ટીમ બિલ્ડીંગ**

(Effective Team Building)

શનિવાર માર્ચ ૨૦, ૨૦૧૦

સમય: સાંજે ૫.૦૦ થી ૮.૦૦ કલાક સુધી

**વર્કશોપ-૨:**

**ટાઈમ મેનેજમેન્ટ - સફળતાનો ગુરુમંત્ર**

(Time Management - Gurumantra of Success)

રવિવાર, માર્ચ ૨૧, ૨૦૧૦

સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાક સુધી

**વર્કશોપ-૩**

**સ્ટ્રેસ મેનેજમેન્ટ** (Stress Management)

શનિવાર, માર્ચ ૨૭, ૨૦૧૦

સાંજે ૫.૦૦ થી ૮.૦૦ કલાક સુધી

**વર્કશોપ-૪**

**બોધકથાઓના માધ્યમથી મેનેજમેન્ટ**

શનિવાર, એપ્રિલ ૩, ૨૦૧૦

સાંજે ૫.૦૦ થી ૮.૦૦ કલાક સુધી

**વર્કશોપ-૫**

**કસ્ટમર ડિલાઈટ** (Customer Delight)

રવિવાર, એપ્રિલ ૪, ૨૦૧૦

સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાક સુધી

AHMEDABAD MANAGEMENT ASSOCIATION™


ટોરેન્ટ-એએમએ મેનેજમેન્ટ સેન્ટર,
કૉર-એએમએ મેનેજમેન્ટ હાઉસ,
એએમએ કોમ્પ્લેક્ષ, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫.


**વર્કશોપ-૧**

## અસરકારક ટીમ બિલ્ડીંગ

(Effective Team Building)

શનિવાર માર્ચ ૨૦, ૨૦૧૦

સમય: સાંજે ૫.૦૦ થી ૮.૦૦ કલાક સુધી

અનિશ્ચિતતા અને ગળાંકાપ આંતરરાષ્ટ્રિય સ્પર્ધાથી છલકાતી આજની સદીમાં સંસ્થાઓ અટપટી બનતી જાય છે. જે કાંઈ કરવા જેવું છે કરવા માટે, સમસ્યાઓનાં સમાધાનો શોધવા માટે, ગ્રાહકોની આસમાનને આંબતી અપેક્ષાઓ પૂરી કરવા માટે અલગ અલગ આવડતની અને પ્રતિભાની જરૂર પડે છે. આવી આવડતો અને પ્રતિભા ધરાવતી વ્યક્તિઓની બનેલી ટીમ ખૂબ અસરકારક પરિણામો લાવી શકે છે.

અનુભવ એવું કહે છે કે ટીમના દરેક સભ્યની આવડતના સરવાળા કરતાં, ટીમની કુલ કામગીરી બહેતર હોય છે.

નિષ્ણાંતોના અનુભવો ઉપર આધારિત, વિવિધ ટીમોનું ગઠન કરી એમને ખૂબ અસરકારક બનાવવાના રસ્તાઓની આ અનોખા પ્રોગ્રામમાં ચર્ચા કરવામાં આવશે.

---

**વર્કશોપ-૨**

## ટાઈમ મેનેજમેન્ટ - સફળતાનો ગુરુમંત્ર

(Time Management - Gurumantra of Success)

રવિવાર, માર્ચ ૨૧, ૨૦૧૦

સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાક સુધી

**પૂર્વભૂમિકા :** મેનેજમેન્ટ ગુરૂ પિટર ડ્રકર સાહેબના શબ્દો છે, 'બીજું બધું મેનેજ કરવા માટે ટાઈમ મેનેજ કરો.' સમય ઈશ્વરે આપેલી એક ભેટ છે. એ ખરીદી શકાતો નથી. ચોરી શકાતો નથી, બેંકનાં લૉકરમાં સંતાડી શકાતો નથી. એને તો મેનેજ કરવો પડે છે. દિવસના અંતે સફળ અને નિષ્ફળ ઈન્સાન વચ્ચે ટાઈમ મેનેજમેન્ટની આવડતનો જ તફાવત છે. ટાઈમ મેનેજમેન્ટની આંટીઘૂંટી સમજાવતો આ પ્રોગ્રામ તમને જિંદગીની સફર ઉપર ઝડપથી પ્રગતિ કરવા મદદ કરશે.

**કાર્યક્ષેત્રો :**

(૧) ટાઈમની ચાર મુખ્ય લાક્ષણિકતાઓ

(૨) ટાઈમની બરબાદી કરતાં પરિબળો

(૩) પર્સનલ લાઈફમાં ટાઈમ મેનેજ કરવાના રસ્તાઓ

(૪) વર્ક પ્લેસમાં ટાઈમ મેનેજમેન્ટ

(૫) સફળતા માટે ટાઈમ મેનેજ કરવાની પ્રેક્ટિકલ ટિપ્સ અને ટેક્નિક્સ

---

**વર્કશોપ-૩**

## સ્ટ્રેસ મેનેજમેન્ટ (Stress Management)

શનિવાર, માર્ચ ૨૭, ૨૦૧૦

સાંજે ૫.૦૦ થી ૮.૦૦ કલાક સુધી

આજનો, એકવીસમી સદીનો ઈન્સાન જીવે છે કદી ન અનુભવેલી અનિશ્ચિતતાના માહોલમાં. કોણ, ક્યારે, ક્યાંથી આવી, કઈ રીતે કોને ગળી જશે એની આગાહી કરવી અશક્ય છે.

શારિરીક, સામાજિક, આર્થિક, માનસિક સમસ્યાઓની અસર નીચે જે જોઈએ છે તે મેળવી શકાતું નથી. જે કરવું છે તે કરી શકાતું નથી, જ્યાં જવું છે ત્યાં જવાતું નથી.

અનિશ્ચિતતાના આ જંગલમાં 'સ્ટ્રેસ' નામનો આદમખોર વાઘ તમને ઓહિયાં કરી જવા તૈયાર, તત્પર અને સક્ષમ છે. સ્ટ્રેસથી થતા રોગોની યાદી લાંબી થતી જાય છે.

ખૂબ અગત્યના આ પ્રોગ્રામમાં - સ્ટ્રેસને મેનેજ કરવાના પ્રેક્ટિકલ અને બીજા દિવસથી જ અમલમાં મૂકી શકાય એવા રસ્તાઓની ચર્ચા કરવામાં આવશે.

---

**વર્કશોપ-૪**

## બોધકથાઓના માધ્યમથી મેનેજમેન્ટ

શનિવાર, એપ્રિલ ૩, ૨૦૧૦

સાંજે ૫.૦૦ થી ૮.૦૦ કલાક સુધી

હજાર શબ્દનો નિબંધ જે શીખવી ન શકે તે સો શબ્દોની વાર્તા શીખવી જાય છે. મેનેજમેન્ટ એક ભારેખમ શબ્દ છે. દર વર્ષે આ વિષય ઉપર ખૂબ બોલાતુ, લખાતું, સંભળાતું અને વંચાતું રહે છે. ઈન્ટરનેટ ઉપર મેનેજમેન્ટના દરેક પહેલુ ઉપર લાખો

સાઈટો ખૂલે છે. બોધકથાઓના માધ્યમથી મેનેજમેન્ટની આંટીઘૂંટીની ચર્ચા કરવામાં આસાની સાથે આનંદની થિઅરિઓ સહેલાઈથી સમજાઈ જાય છે.

બોધકથાઓના માધ્યમથી મેનેજમેન્ટના અઘરા વિષયોને સમજાવતો આ અનોખા પ્રોગ્રામનું સંચાલન કરશે. – શ્રી બી.એન. દસ્તૂર. 'મેનેજમેન્ટની બોધકથાઓ', માવતરો માટે બે'રામજી બાવાની બોધકથાઓ સહિત ૧૦૦ થી વધુ પુસ્તકોના લેખક શ્રી દસ્તૂર 'એડ્યુટેનર' થી ઓળખાય છે. એડ્યુકેશન સાથે એન્ટરટેઈન કરે છે, દેશ અને પરદેશમાં ભણાવવાનો એમને ચાર દાયકાનો અનુભવ છે.

બોધકથાઓના માધ્યમથી જે વિષયોની ચર્ચા થશે એમાં છે.

- **Reinforcing behaviour** (સારા વર્તનની પુષ્ટિ કરવી)
- **Positive attitude** (હકારાત્મક એટિટ્યુડ)
- **Departmental Interdependence** (વિભોગો વચ્ચેનું સમતૂલન)
- **Designing rewards** (રિવોર્ડની ડિઝાઈન)
- **Equity theory** (ઈક્વિટિ થિઅરિ)
- **Learning organization** (લર્નિંગ સંસ્થા)
- **Effective management** (અસરકારક મેનેજમેન્ટ) અને વધુ.

---

**વર્કશોપ-૫**

## કસ્ટમર ડિલાઈટ (Customer Delight)

રવિવાર, એપ્રિલ ૪, ૨૦૧૦

સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાક સુધી

વૉલમાર્ટના સ્થાપક સામ વૉલ્ટનના શબ્દો છે : 'એક જ બૉસ છે, ગ્રાહક. એ ચેરમેનથી શરૂ કરી નીચે સુધી સૌને, પોતાના પૈસા ક્યાંક બીજે ખર્ચી, કાઢી મૂકી શકે છે.'

આજનો ગ્રાહક 'સંતોષ'ને પોતાનો જન્મસિદ્ધ હક્ક માને છે. એને સંતોષ આપવાતી કાંઈ ઉપજતું નથી. એને સંતોષ આપવાથી કાંઈ ઉપજતું નથી. એને તો આનંદવિભોર (delight) કરવો પડે છે. એની અપેક્ષાઓ આકાશને આંબે છે.

અપેક્ષાઓ કરતાં વધુ આપનાર માર્કેટર જ ગ્રાહકને એનો ભાગીદાર બનાવી શકશે.

આ અનોખા પ્રોગ્રામમાં ગ્રાહકને સાચા અર્થમાં 'ડિલાઈટ' કરવાના વિવિધ પ્રયાસોની ચર્ચા કરવામાં આવશે.

**કાર્યક્રમનું માધ્યમ :** ગુજરાતી / હિન્દી

**ફેકલ્ટીઃ**

ઉપરના દરેક વર્કશોપનું સંચાલન એંશીથી વધારે પુસ્તકોના લેખક અને મશહૂર કન્સલ્ટન્ટ અને ટ્રેનર શ્રી બી. એન. દસ્તૂર કરશે.

**ફી :** રૂ.૩૦૦/- ભાગ લેનાર પ્રતિ વ્યક્તિ અને પ્રતિ વર્કશોપ દીઠ. ફીમાં પ્રોગ્રામ ફી, કોર્સ મટીરીયલ્સ અને રિફ્રેશમેન્ટનો સમાવેશ થાય છે.

**રજિસ્ટ્રેશનઃ**

રજિસ્ટ્રેશન માટે તાલીમ ફી સાથે તમારું ફોર્મ આ સરનામે મોકલશોઃ
અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ ૩૮૦૦૧૫.
ફોનઃ નં. (૦૭૯) ૨૬૩૦૮૬૦૧, ફેક્સ : ૨૬૩૦૫૬૯૨
**Email :** amaahd@gmail.com
**Website:** www.amaindia.org

AHMEDABAD MANAGEMENT ASSOCIATION™

**સેવા - એ.એમ.એ. સેન્ટર ફોર મેનેજમેન્ટ ઓફ સીબીઓઝ**

# Management Development Programmes

**રજિસ્ટ્રેશન ફોર્મ :**

રજિસ્ટ્રેશન માટે તાલીમ ફી સાથે તમારું ફોર્મ આ સરનામે મોકલશો :
(ચેક / ડી.ડી. 'અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન'ના નામે બીડવો.)
અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ ૩૮૦ ૦૧૫. ફોનઃ નં. (૦૭૯) ૨૬૩૦૮૬૦૧;
ફેક્સ : ૨૬૩૦૫૬૯૨;
**Email :** amaahd@gmail.com; **Website:** www.amaindia.org

નામ ________________ વર્કશોપ નં.

૧. ________________

૨. ________________

૩. ________________

લાયકાત ________________

સરનામુંઃ ________________

________________

ફોનઃ ________________

મોબાઈલ : ________________

ફેક્સઃ ________________

ઈ-મેલ ________________